# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)
"જલસેવા ભવન", છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
ફેક્ષ : (૦૭૯) ૨૩૨૫૧૦૮૬
ફોન નં. : ૯૧-૦૭૯-૨૩૨૫૧૦૪૯, ૨૩૨૨૨૪૧૭
E-mail : msgwssb@gmail.com
Website : www.gwssb.gujarat.gov.in

**તુષાર એમ. ધોળકિયા,** આઈ.એ.એસ.
સભ્ય સચિવ


નં. એબી/સીમે-૧-૨/૨૦૧૬-૧૭/ફા.નં.૬૩ / ૬૨૫ — તા.૨૭/ ૦૨/૨૦૧૯

પ્રતિ
મુખ્ય ઇજનેરશ્રી(સર્વે)
અધિક્ષક ઇજનેરશ્રી(સર્વે)
કાર્યપાલક ઇજનેરશ્રી(સર્વે)

વિષય :- યોજનાકીય કામોના બીલોનું પ્રી-ઓડીટ કરવાની નાણાંકિય મર્યાદામાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ :- (૧) બોર્ડ કચેરીના પત્ર નં.એબી/સી.મે.-૨/ પ્રી-ઓડીટ/૨૦૦૩-૦૪/ફા.૨/૪૮૮૫ તા.૨/૭/૨૦૦૮

(૨) અત્રેના પરિપત્ર ક્રમાંક એબી/સી.મે.૧-૨/૨૦૧૩-૧૪/ફા.નં.૩૨/૪૧૯ તા.૦૨.૧૧.૨૦૧૮

**પ્રસ્તાવના :**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તક ચાલતી યોજનાઓ પૈકી સંદર્ભ (૧) પ્રમાણેના પત્રથી રૂા.૧૦/- કરોડથી વધુની કરાર કિંમતની યોજનાઓના કામોના બીલોનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રિ-ઓડીટ કરાવી ચૂકવણું કરવાની કાર્યપધ્ધતિ અમલમાં હતી. આ નાણાંકિય મર્યાદામાં સુધારો કરી, સંદર્ભ (૨) પ્રમાણેના પરિપત્રથી આ અન્વયે રૂ.૫/- કરોડથી વધુ રકમના બીલોનું પ્રી-ઓડિટ કરવાની કાર્યપધ્ધતિ અમલમાં મૂકેલ છે. પ્રસ્તુત બાબતે વધુ નાણાંકિય શિસ્ત લાવવા અને અનિયમીતતાઓ નિવારવાના હેતુસર પ્રી-ઓડિટની નાણાંકિય મર્યાદામાં હજુ વધુ ઘટાડો કરવો જરૂરી જણાય છે. પુખ્ત વિચારણાને અંતે આ બાબતે નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે.

**પરિપત્ર:**

ગુ.પા.પુ અને ગ.વ્ય. બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવતા કામોના ૫/- (પાંચ) કરોડથી વધુ કિંમતના ટેન્ડરના બીલોનું પ્રી-ઓડીટ કરાવવાની નાણાંકીય મર્યાદામાં, નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

(૧) Estimated amount put to tender અથવા Agreement ની રકમ (Contract value) રૂા.૨/- (બે) કરોડથી વધુ હોય અને જેની મંજૂરી TPC -1 દ્વારા આપવામાં આવેલ હોય તેવા પ્રત્યેક કામના તમામ બીલનું પ્રી-ઓડીટ કરાવ્યા બાદ જ ચૂકવણું કરવાનુ રહેશે.

(૨) વડિ કચેરીના બોર્ડ સેલ દ્વારા TPC -1 ની મંજૂર થયેલ કાર્યવાહિ નોંધની એક નકલ સીનીયર મેનેજર (ના/હિ) ને મોકલી આપવાની રહેશે. જેમાં આ કાર્યવાહિની નોંધને આધીન હિસાબી શાખા દ્વારા તુરંત જ પ્રી-ઓડિટરની નિમણૂક કરવાની કાર્યવાહિ હાથ ધરવાની રહેશે.

આ સૂચનાઓ તા.૦૧.૦૩.૨૦૧૯ થી અમલમાં આવશે.

(તુષાર એમ.ધોળકિયા)
સભ્ય સચિવ

નકલ સવિનય રવાના પ્રતિ:
માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર

નકલ રવાના પ્રતિ:

મુખ્ય વહિવટી અધિકારીશ્રી, વડિ કચેરી, ગાંધીનગર

સીનીયર મેનેજર(ના/હિ) તમામ, તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

સીસ્ટમ મેનેજર, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ બોર્ડની વેબસાઇટ પર મૂકવા સારૂ.

નાયબ મેનેજર(ના/હિ) તમામ, તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નાયબ મેનેજરશ્રી (બોર્ડ સેલ), ઉકત બાબતે જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.